R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2020. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2020 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૨ ● તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૦ ● અંક નં. ૪૬

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : અશોક કાલરીયા

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી ● સંપાદક : જગદીશ આચાર્ય

To,

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ₹ ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.net ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

## કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (ત.સે.)ની કચેરી

# ૭૦૦ સ્ટાફનર્સ વર્ગ-૩ની સીધી ભરતી

કમિશનરશ્રી કચેરી, આરોગ્ય તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણ ગાંધીનગર હસ્તકની રાજ્યની સરકારી હોસ્પિટલો / સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્ટાફનર્સ વર્ગ-૩ ની કુલ-૭૦૦ જગ્યાઓ માટેની નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા સ્ટાફનર્સની ભરતી અંગે નિયત નમુનામાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે અરજી તા.૦૧/૦૧/૨૦૨૧ (૧૪:૦૦ કલાક) થી તા.૨૧/૦૧/૨૦૨૧ (રાત્રીનાં ૨૩.૫૯ કલાક) દરમિયાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી સુચના મુજબ ફક્ત ઓનલાઇન કરવાની રહેશે. ઉમેદવારોનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (૧૫ K.B) અને સહીનો નમુનો (૧૫ K.B) સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. તમામ ઉમેદવારે અરજી પત્રકોમાં પોતાના શૈક્ષણિક લાયકાત, વય, જાતિ અંગેના તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રો મુજબ જ વિગતો ભરવાની રહેશે. સ્ટાફનર્સની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગારધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ અને સામાન્ય સુચનાઓ ઉપરોક્ત વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

**ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓ:**

| ક્રમ | વિગત | કુલ | અનુ. જાતિ (S.C) | અનુ. જન. જાતિ (S.T) | શા.સૈ.પ.વ. (SEBC) | આ.ન.વ. (E.W.S.) | દિવ્યાંગ (PH) | જનરલ (GEN) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અગાઉની ઘટ | | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૮ | ૦૦ |
| ૨ | ભરવાની થતી જગ્યાઓ | ૭૦૦ | ૪૯ | ૧૦૫ | ૧૮૯ | ૭૦ | ૨૧ | ૨૮૭ |
| | ઘટ સાથે કુલ | ૭૦૦ | ૪૯ | ૧૦૫ | ૧૮૯ | ૭૦ | ૪૯ | ૨૮૭ |

- ફકત ભારતના નાગરીક આ અરજી કરી શકશે.
- પસંદગી પામનાર ઉમેદવારો પૈકી ઉમેદવારોમાં પરણિત સ્ત્રી અથવા પુરૂષે હયાત પતિ અથવા પત્નિ સિવાય અન્ય લગ્ન કે લગ્ન કરાર કરેલ હશે તો તે ગેરલાયકાતમાં ગણાશે સિવાય કે તેઓના અંગત કાયદા હેઠળ આ પ્રકારે લગ્ન કે લગ્ન કરાર કરવા છૂટ હોય.
- અનામત જગ્યાઓ ફક્ત મુળ ગુજરાતના શા.શૈ.પ.વ., અનુસુચિત જાતિ, અનુસુચિત જન. જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.
- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે.
- માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦% મુજબ જગ્યાઓ અનામત છે. જે તે કેટેગરી સામે સરભર કરાશે. શા.ખો.ખા.ના ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે અને આ ઉમેદવારોને જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

**પગાર ધોરણઃ-**

નાણાં વિભાગનાં તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૦૧/૦૮/૨૦૦૬ તથા તા.૦૬/૧૦/૨૦૧૧ના ઠરાવ અને સામાન્ય વહિવટ વિભાગનાં તા.૦૪/૦૬/૨૦૦૯ અને તા.૨૩/૧૦/૨૦૧૫નાં ઠરાવની જોગવાઇઓ અને નાણાવિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવની જોગવાઇઓને આધીન જે બોલીઓ / શરતો / નિયમો નક્કી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવે તે બોલીઓ / શરતો / નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. જે જોગવાઇઓને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે સ્ટાફનર્સ વર્ગ-૩ને રૂ.૩૧,૩૪૦/- ના માસિક ફિક્સ પગારના પગારથી લાયક ઉમેદવારને કરાર આધારે નિમણુંક આપશે. તે સિવાય અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહિં. ત્યાર બાદ પાંચ વર્ષની સેવાઓ પૂરી થયેથી તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયે સાતમાં પગારપંચ મુજબ પે. મેટ્રીક્સ લેવલ-૫ પગાર ધોરણ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ અથવા સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવતાં જે તે પગારધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

**શૈક્ષણિક લાયકાતઃ-**

(૧) ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થાઓ માંથી મેળવેલ બેઝીક બી.એસ.સી.(નર્સીંગ) (Regular)નો ડીગ્રી કોર્ષ. **અથવા**
ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થાઓ માંથી મેળવેલ જનરલ નર્સીંગ એન્ડ મીડવીફરી (GNM)નો ડીપ્લોમા કોર્ષ **અથવા**

(૨) ઓકઝીલરી નર્સ એન્ડ મીડવાઇફ (ANM) અને ફીમેલ હેલ્થ વર્કર (F.H.W) જેઓ રાજય સરકાર અથવા પંચાયત સેવામાં છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત નિમણુકથી ફરજો બજાવતા હોય અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબની બી.એસ.સી. (નર્સીંગ) અથવા જી.એન.એમ.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેઓ પણ આ જગ્યા માટે અરજી કરી શકે છે અને તેઓને સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. પરંતુ કોઇપણ સંજોગોમાં ઉમર ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહી. જે તે કચેરીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) અરજી કરતી વખતે ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટર્ડ નર્સ અને રજીસ્ટર્ડ મીડવાઇફનુ કાયમી અથવા સમયાંતરે રીન્યુઅલ કરાવેલ રજીસ્ટ્રેશન હોવુ ફરજીયાત છે. અરજી પત્રકમાં રજીસ્ટર્ડ નર્સ તેમજ રજિસ્ટર્ડ મીડવાઇફ અથવા સમકક્ષ લાયકાતનો રજીસ્ટ્રેશન નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. અન્ય કોઇ પણ આધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૩) ગુજરાતી / હિન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

**કોમ્પ્યુટર અંગે જાણકારીઃ-**

ઉમેદવાર રાજ્ય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલ કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે. સામાન્ય વહિવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના સરકારી ઠરાવ ક્રમાંકઃસીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-વ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇશે તથા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇ પણ ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા

➔